ISSN 2347-4416

જે જિજ્ઞાસુ / વિજ્ઞાનપ્રેમી સૌ કોઈ સુધી અવાજ પહોંચે તે સર્વ માટે......

# VOICE OF SCIENCE

વોઈસ ઓફ સાયન્સ

Volume:02, Issue:6, March 2016 Banaskantha (Gujarat) Monthly(Gujarati)Pages:30,Price:50 Rs.



દરેક આધ્યાત્મિક જ્ઞાન વિજ્ઞાન છે.

Scanned with CamScanner

**વોઈસ ઓફ સાયન્સ**

વર્ષ : ૨, અંક : ૬

વાર્ષિક લવાજમ રૂા ૩૬૦



**સંસ્થાપક અને તંત્રી**

ડૉ. એમ.વી.હાથી

**સહતંત્રી**

માનસિંહભાઈ ચૌધરી

અભિજીત રાઠોડ

**પ્રકાશન અને મુદ્રણ**

વિશાલ ઓફ સેટ

દ્રોણ બિલ્ડીંગ, પાલનપુર

**કમ્પ્યૂટર કાર્ય**

મહેશ પટેલ

**સંપાદક સમિતિ**

ડૉ.આર.જે.પાઠક

ડૉ.એસ.એચ.પ્રજાપતિ

ડૉ. કે.વી.મહેતા

ડૉ.ઋષિકેશ વાય.રાવલ

**સલાહકાર સમિતિ**

ડૉ.આર.એમ.પંડયા

ડૉ.રમેશ ભાયાણી

અર્જુનસિંહ કે.રાઉલજી

પ્રિ.ડૉ.વાય.બી.ડભગર

ડૉ. ગિરીશ આઈ. ઠાકર

પ્રિ. ભરત ઠાકોર

ડૉ. જી.ડી.આચાર્ય

ડૉ.એમ.કે.પટેલ

ડૉ.કે.સી.પટેલ

પ્રા.આર.બી.પટેલ

ડૉ.તૃપ્તિ સી.પટેલ

ડૉ. મિહીર દવે


# અનુક્રમણિકા


રણી કરણ (Desertification)

ડૉ. એમ.આઈ.પટેલ,ડાયરેકટર, મરચન્ટ સાયંસ કોલેજ, બાસણ ૦૧

હાઈપરબેરીક ઓક્સીજનનો મારો દમ, તો દૂર થાય ગમ

અર્જુનસિંહ કે. રાઉલજી ૦૪

આજીનોમોટો

સૌજન્ય : ડાં. રમેશચંદ્ર ભાયાણી (રાજકોટ) ૦૬

એપિજિનેટિક્સ

ડૉ.જે.એન.પટેલ ૦૯

વિહંગ અવલોકન...... બનાસને કાંઠે....

ડૉ. એસ.એચ.પ્રજાપતિ૧૦

આઈન્સ્ટાઈનનો વિશિષ્ટ સાપેક્ષવાદ ($E=mc^2$)

પ્રો. પરેશ વી. મોઢ, સાયન્સ કોલેજ, પાલનપુર ૧૨

ખગોળ વિજ્ઞાન શા માટે શીખવું જોઈએ ?

ડૉ. જયંત નાર્લીકર૧૪

ન બોલવામાં નવગુણ

ડૉ.રાજેન્દ્ર કે. હાથી.(રાજન),જનરલ ફિઝીશીયન૧૮

યજુર્વેદમાં સૃષ્ટિરચના અને મોક્ષ

ડૉ. સુરેખા કે. પટેલ ૧૯

દોસ્તી

સૌજન્ય રાજ ભાસ્કર,અમદાવાદ ૨૫

આઈસ્ટાઈન અને પરમાણુ બોમ્બ

સૌજન્ય : સ્વ. પ્ર. ચુ. વૈદ્ય ૨૬

વન લાઈનર

ડૉ. એમ.વી.હાથી ૨૯



વાર્ષિક લવાજમ રૂા. ૩૬૦, સામાયિકનું લવાજમ નીચેના સ્થળે સ્વીકારવામાં આવે છે.Mobile: 9825391536

15,ANAND NAGAR, NEAR JAMPURA SCHOOL,PALANPUR-385001,DIST-BANASKANTHA.GUJARAT.

Voice of Science,Dena Gujarat Gramin Bank,Palanpur-385001,Bank A/c No.:730211050057 ,IFS Code: BKDN0700000



Scanned with CamScanner

# યજુર્વેદમાં સૃષ્ટિરચના અને મોક્ષ

ડૉ. સુરેખા કે. પટેલ,જી.ડી.મોદી કોલેજ ઓફ આર્ટસ, પાલનપુર

'*વિદ્*' (જાણવું) ધાતુથી નિષ્પન્ન થયેલા વેદ શબ્દનો અર્થ છે જ્ઞાન. ભારતીય સંસ્કૃતિના ઈતિહાસમાં ઋગ્વેદ,યજુર્વેદ,સામવેદ અને અથર્વવેદનું ગૌરવપૂર્ણ સ્થાન રહ્યું છે. આ દષ્ટિએ વેદોને અનન્તજ્ઞાનના અક્ષુણ ભંડાર માનવામાં આવે છ,જેમનો પ્રાદુર્ભાવ અનેક સદીઓથી ભારતના ઋષિઓની અનેક પેઢીઓ દ્વારા થયો છે. વેદોના રહસ્યને સ્પષ્ટ કરવા માટે પ્રાચીનકાળથી જ પ્રયત્નો થતા રહ્યા છે. વેદો, આપણા પ્રાચીન મુનિઓએ પોતાની પ્રતિભાવાન આંખોથી અનુભવેલ શાશ્વત યથાર્થ જ્ઞાનભંડારનો સમુચ્ચય છે. વેદો સમગ્ર સાહિત્યના મુગટમણિ છે. વેદોને ભારતીય સંસ્કૃતિના સર્વોચ્ચ શિખર સમા જ્ઞાનના હિમાલય સાથે સરખાવી શકાય કે જેમાંથી ભારતીય પરંપરારૂપી સરિતાઓ પ્રગટ થઈ છે. કોઈ એવું જ્ઞાન કે કોઈ એવી કલા નથી, શાસ્ત્ર કે ચિંતન નથી, જેનું મૂળ વેદના મંત્રોમાં ન શોધી શકાય. આ અર્થમાં વેદ વિશ્વવ્યાપી,વિશ્વસમસ્તના છે. બીજમાં વૃક્ષની જેમ દરેક સિદ્ધાંતનું મૂળ વેદમાં ઉપલબ્ધ થાય છે.

વિશ્વ સંસ્કૃતિ સંમેલનમાં ભારત દેશ આજે પણ ઉન્નત મસ્તકે સ્વયં સંસ્કૃતિની વિજય પતાકા લહેરાવી શકે છે,તેનું કારણ વેદ છે. વેદના વિચારો સનાતન, શાશ્વત,નિત્ય અને નિત્યનૂતન છે. વેદ, ઋષિઓનું પ્રદાન છે, ઋષિઓનું દર્શન છે. ભારતીય બની રહેવા માટે ભારતીયો માટે અને વિશેષતઃ વૈદિક ધર્માવલંબીઓ માટે વેદોથી પરિચિત હોવું હંમેશાં આવશ્યક છે. ધર્મની દષ્ટિએ વેદોના મહત્વને જાણવા માટે આપણા ધર્મશાસ્ત્રકાર મનુ ભગવાને વેદને બધા ધર્મોના મૂળરૂપે સ્વીકાર્યા છે. ('वेदोऽखिलो धर्ममूलम् ' मनुस्मृति:२/६ ) અને 'सर्वज्ञानमयो हि सः' (मनुस्मृति:२/७) કહીને વેદોને બધા જ પ્રકારના જ્ઞાનથી યુક્ત કહ્યા છે. મનુને મતે વેદ, માનવ જાતિના વિભિન્ન વર્ગોને સાચો રાહ બતાવવા તથા સત્પથ પર ચાલવામાં સહાયતા કરનાર સનાતાન ચક્ષુ છે. વેદ પ્રમાણને બીજા પ્રમાણની આવશ્યકતા રહેતી નથી.

સંસ્કૃતમાં 'यजुष' શબ્દ यज ધાતુથી વ્યત્પન્ન થયેલો છે, જેનો અર્થ છે અર્પણ કરવું, સમર્પિત કરવું, યજ્ઞ કરવો. આમ પૂજા અથવા યજ્ઞ માટેના મંત્રોનો વેદ તે 'યજુર્વેદ' કહેવાય. ભારતમાં એક કાળે યજુર્વેદને સહુથી વધુ મહત્વ અપાતું હતું. યજુર્વેદ ૪૦ અધ્યાયોમાં વિભાજિત છે, જેની મંત્ર સંખ્યા ૧૯૭૫ છે. યજુર્વેદમાં સૃષ્ટિરચના અને મોક્ષ, નૈતિક આચારમૂલક ઉપદેશો,પુરુષાર્થ-ચતુષ્ટય,પર્યાવરણ સંરક્ષણ,વિશ્વમાનવની એકતા જેવા વિવિધ વિષયોની ચર્ચા જોવા મળે છે.

યજુર્વેદની મુખ્ય બે શાખાઓ મળી આવે છે – શુક્લ યજુર્વેદ અને કૃષ્ણ યજુર્વેદ. આની અનેક પેટાશાખાઓ છે. એક કાળે યજુર્વેદની ૧૦૧ શાખાઓ હતી. સમયાન્તરે અધિકાંશ શાખાઓ લુપ્ત થઈ ગઈ. શુક્લ યજુર્વેદની કાણ્વ અને માધ્યન્દિ અને કૃષ્ણ યજુર્વેદની મૈત્રાયણી,કપિષ્ઠલ-કઠ-કાઠક અને તૈતિરીય એમ ચાર શાખાઓ છે. યજુર્વેદમાં યજ્ઞના વિધિ-વિધાન ઉપરાંત સુંદર કાવ્યમય મંત્રો છે. સુંદર સ્તોત્રો કહી શકાય તેવાં સૂક્તો છે. તેનો રૂદ્રાધ્યાય તો આજે પણ બ્રાહ્મણોમાં અતિપ્રચિલિત છે. સ્વામી દયાનંદે લખેલું 'યજુર્વેદ સંપૂર્ણ ભાષ્ય' વાચકો માટે આજે પણ ઉપલબ્ધ છે.

દાર્શનિક વિવેચનની અંતર્ગત આપણને અનેક પ્રશ્નોનો સાક્ષાત્કાર એટલે કે પ્રત્યક્ષ જ્ઞાન થાય છે. જેને આપણે કહીએ છીએ કે તે કઈ સત્તા છે તથા બાહ્ય સંસાર સાથે તેનો શો સંબંધ છે ? આ સૃષ્ટિ રચના આપણી સામે છે,તેની સાથે આપણો શું સંબંધ છે ? આ સંસારના રચયિતા કોણ છે અને તેની રચના કયા તત્વોથી કરવામાં આવી છે? પ્રાણીઓનાં જન્મ અને મૃત્યું શું છે ? શું માનવી તે આવા-ગમન (પુનર્જન્મ) ચક્રમાંથી મુક્ત થવાની સ્થિતિમાં આવે છે? મુક્તાવસ્થાનું કારણ અને તેનું સ્વરૂપ શું છે? આવા અનેક પ્રશ્નોના ઉત્તર મનુષ્ય અનાદિકાળથી શોધતો આવ્યો છે. આવા જટિલ પ્રશ્નોના ઉત્તર રૂપે



Scanned with CamScanner